જા.નં.મા-૨/૨૦૨૪/8281
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઈન્સ, સુરત
તા.૧૪/૦૬/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ.સુરત.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: મઉમશબ/શાનિ/૨૫૭૫૧-૮૫, તા.૧૨-૦૬-૨૦૨૪ ની નકલ આ સાથે સામેલ છે. સદર પત્રમાં જણાવ્યા મુજબ અત્રેની કચેરીના નિયંત્રણ હેઠળની તમામ શાળાઓએ સને-૨૦૨૪ના ચોમાસા અગાઉ સાવચેતીના પગલા અન્વયે આપેલ સૂચનાઓનું ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિ.સુરત

<u>બીડાણ:</u> ઉપર મુજબ

ક્રમાંક:મઉમશબ/શાનિ/2575/85
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેકટર-૧૦/બી, જુના સચિવાલય
પાસે,ગાંધીનગર. તા. 12/6/24

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ.

વિષય:- સને ૨૦૨૪ના ચોમાસા અગાઉ ભારે વરસાદ,પૂર,વાવાઝોડા જેવી આફત પહેલા મકાનો માટે લેવાના થતા સાવચેતીના પગલા બાબત.

સંદર્ભ:-સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક:પરચ/૧૦/૨૦૨૪/ ૬૫૪/ન તા.૧૬/૫/૨૦૨૪.

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, સને ૨૦૨૪ના ચોમાસા અગાઉ ભારે વરસાદ,પૂર,વાવાઝોડા જેવી આફત પહેલા મકાનો માટે લેવાના થતા સાવચેતીના પગલા બાબત ધ્યાને લેવા જણાવેલ છે.

ઉક્ત બાબતે જણાવવાનું કે તમામ સરકારી મકાનોમાંથી જર્જરીત મકાનોના સર્વે વહેલી તકે પૂર્ણ થાય તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવાની સુચના આપવામાં આવેલ આ બાબતે આગામી ચોમાસુ શરૂ થાય તે પહેલા સાવચેતીના પગલા સમયસર ભરવા જરૂરી છે જે અન્વયે આપના તાબા હેઠળ સરકારી,અનુદાનિત,બિન અનુદાનિત, તમામ શાળાઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના મકાનોમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટીના ભાગ રૂપે ધાબા સફાઇ,વોટર સ્પાઉટ ખુલ્લા કરવા તથા જુના અને જર્જરીત મકાનોની તોડી પાડવાની કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવા તેમજ તોડી પાડવાની મંજુરી બાકી હોય તો બિન વપરાશમાં મુકી ફરતે બેરિકેડીંગની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ:- સંદર્ભદર્શિત પત્ર .

12/6/24
( એન.જી.વ્યાસ )
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

14/6/24

12/6/24

12/6/24

E:\D.K\Types Of Letters\E-dipak.letter.docx

e-tuppal - 99707

सत्यमेव जयते

ટેલીફોન : ૦૭૯-૨૩૨ ૫૧૮૦૧/૨
ફેક્સ : ૦૭૯-૨૩૨ ૫૨૫૦૯
ઇ-મેઇલ : secrnb@gujarat.gov.in
**ગુજરાત સરકાર**
**માર્ગ અને મકાન વિભાગ**
૧૪/૨, સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર - ૩૮૨૦૧૦ (ગુજરાત)
તા. ૧૬/૦૫/૨૦૨૪

**એ. કે. પટેલ**
**સચિવ**
**ક્રમાંક : પરચ/૧૦/૨૦૨૪/૬૫૪/ન**

પ્રતિ,
સર્વે અધિક મુખ્ય સચિવશ્રીઓ/
અગ્ર સચિવશ્રીઓ /સચિવશ્રીઓ
સચિવાલય, ગાંધીનગર

**વિષય** : સને ૨૦૨૪ના ચોમાસા અગાઉ ભારે વરસાદ, પૂર, વાવાઝોડા જેવી આફત પહેલાં મકાનો માટે લેવાના થતાં સાવચેતીના પગલાં બાબત

શ્રીમાન,

રાજ્યના દરેક વિભાગોના તમામ સરકારી મકાનોમાંથી જર્જરિત મકાનોના સર્વે વહેલી તકે પૂર્ણ થાય તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવાની સૂચના આપવામાં આવેલ. આ બાબતે આગામી ચોમાસુ શરૂ થાય તે પહેલા સાવચેતીના પગલાં સમયસર ભરવા જરૂરી છે. જે અન્વયે આપના વિભાગ હસ્તકના સરકારી રહેણાંક તથા બિનરહેણાંકના મકાનોમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટીના ભાગ રૂપે ધાબા સફાઇ, વોટર સ્પાઉટ ખુલ્લા કરવા તથા જૂના અને જર્જરિત મકાનોની તોડી પાડવાની કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવા તેમજ તોડી પાડવાની મંજૂરી બાકી હોય તો બિન વપરાશમાં મૂકી ફરતે બેરિકેડીંગની કાર્યવાહી કરવા આપના વિભાગ હસ્તકની તાબાની કચેરીઓ પાસે જરૂરી સૂચનાઓ આપવા વિનંતી છે.

eng, to issue instruction to all Govt./GIA & pr. schools

Ketan Modi to all Principals/ M. Trustees of સંસ્થાઓ/ Colleges/ Univs.

આપનો વિશ્વાસુ

(એ.કે.પટેલ)
સચિવ
માર્ગ અને મકાન વિભાગ

__નકલ રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ :__
- શાખા સિલેક્ટ ફાઇલ – ૨૦૨૪

11/6/24